**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૩ ટકા

# પરિણામ સાથેની સેલ્ફીનો વધતો ક્રેઝ

## મીઠાઈ વહેંચવાનો મહિમા ઘટતો જાય છે : પિત્ઝા-આઈસ્ક્રીમનો વિદ્યાર્થીઓમાં ક્રેઝ



ગાંધીનગર, તા.૨૧

બોર્ડના ધોરણ-૧૦ના પરિણામની જાહેરાત થતા જ શહેરના વિદ્યાર્થીઓમાં હર્ષોલ્લાસની લાગણી જોવા મળી હતી. શાળાએ રિઝલ્ટ લેવા જતા પહેલા ઓનલાઈન જ રીઝલ્ટની જાણ થતા સવારથી જ શહેરમાં ચહલપહલ જોવા મળી રહી હતી. વિદ્યાર્થીઓ સવારથી જ સોશિયલ મીડિયામાં રીઝલ્ટ સાથેના ફોટો અપલોડ કરી રહ્યા હતા. શહેરના મંદિરો-આઈસ્ક્રીમ પાર્લર, પીત્ઝા સેન્ટર, કેફે, રેસ્ટોરન્ટ દરેક જગ્યાએ ભીડ જોવા મળી હતી. પરિણામ આવતા જ શાળાઓમાં પેંડા ખવડાવો-પાર્ટી આપો જેવી વાતો થઈ રહી હતી.

બોર્ડનું પરિણામ આજે જાહેર થતા જ શહેરમાં સવારથી જ ચહલપહલ જોવા મળી હતી. શહેરની વિવિધ ફેમસ જગ્યાઓ પર વિદ્યાર્થીઓ તથા વાલીઓની ભીડ જોવા મળી હતી. સવારે મંદિરોમાં પ્રાર્થના કરતા અને શાળાએ જઈ પરિણામ અંગે ચર્ચા કરી પાર્ટી કરતા વિદ્યાર્થીઓ શહેરમાં જોવા મળ્યા હતા. આમ તો ઓનલાઈન રીઝલ્ટ સવારથી જ જાહેર થઈ જતા મિત્ર વર્તુળમાં વિદ્યાર્થીઓએ વાતચીત કરીને પરિણામ અંગેની પુછપરછ કરી હતી પરંતુ શાળાએ માર્કશીટ લેવા જતા સાથે જવું અને ત્યારબાદ બહાર કયાં ફરવા જવું તે અંગેની ચર્ચા કરી રહ્યા હતા. શહેરની દરેક શાળામાં વિદ્યાર્થીઓ અને વાલીઓની ચહલપહલ જોવા મળી હતી. રિઝલ્ટ સાથે સેલ્ફી લઈ અપલોડ કરવી, મિત્ર વર્તુળ સાથે વિકટરી પોઝ સાથે સેલ્ફી લઈ સોશિયલ મિડીયા પર પોસ્ટ કરવાનો ક્રેઝ વિદ્યાર્થીઓમાં જોવા મળ્યો હતો. કોને વધુ માર્કસ આવ્યા, કોણ પાર્ટી આપશે? અરે! તારે તો મારાથી એક જ માર્કસ ઓછો છે તું અને હું બંને પાર્ટી આપીએ ચાલ!! જેવી વાતો વચ્ચે વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી જોવા મળી હતી. શાળાએથી ડાયરેકટર આઈસ્ક્રીમ પાર્લર જઈ ઉજાણી અને પીત્ઝા સેન્ટરમાં અનલીમીટેડ પીત્ઝાની મજા માણતા અને વિવિધ કેપ્શન સાથે સેલ્ફી અપલોડ કરતા વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા.

# માર્ગની વચ્ચોવચ વિજ થાંભલા આવતા હોવા છતાં પાકો રોડ બનાવી દેવાયો...!!!



## રાયસણ પેટ્રોલ પંપ નજીક સાર્થક હેવન પાછળ તંત્રની અણઘડ નીતિનો અજીબ નમૂનો : અકસ્માતના ભય સાથે વાહનચાલકો પરેશાન...!!

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં છેલ્લા પાંચ વર્ષમાં ઈન્ફોસીટીથી કોબા સર્કલ વચ્ચેના વિસ્તારમાં વિકાસ બુલેટ ટ્રેનની તેજ ગતિએ જોવા મળ્યો છે. પરંતુ ઝડપથી વિકસતા અને ન્યુ ગાંધીનગર તરીકે ઓળખાતા આ વિસ્તારમાં અનેકવાર વિકાસ કાર્યોમાં 'અણઘડ' બેદરકારીપણું જોવા મળે છે જેના કારણે પ્રજા પરેશાનીનો ભોગ બને છે. ન્યુ ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં સાર્થક હેવન ફલેટ નજીક નવા રોડનું નિર્માણ થયુ છે પરંતુ તંત્રની બેદરકારી કહો કે અણઘડતા જેમાં સિંગલ રોડની વચ્ચોવચ વિજળીના થાંભલા આવ્યા છે તો તેનો વૈકલ્પિક ઉપાય કર્યા વગર થાંભલાને પણ રોડમાં આવરી લીધા છે. હવે, રોડની વચ્ચોવચ ઈલેકટ્રીકના થાંભલાઓને કારણે વાહનચાલકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

ન્યુ ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં પેટ્રોલ પંપ નજીક આવેલી સાર્થક હેવન સોસાયટીના પાછળના ભાગે નવો રોડ બની રહ્યો છે જેમાં રોડની બરાબર વચ્ચે વિજળીના થાંભલા આવી ગયા છે. આમ છતાં રોડનું કામ ચાલુ રખાયું છે અને થાંભલાને આવરી લઈ રોડ બનાવી દેવામાં આવ્યો છે. આ કારણે આ વિસ્તારના રહીશો જેમને વારંવાર આ રોડનો ઉપયોગ કરવો પડે છે તેમને અગવડનો સામનો કરવો પડી રહ્યો છે. નાનો સિંગલ રોડ હોવાને કારણે રોડની વચ્ચોવચ આવતા વિજળીના થાંભલા નડતરરૂપ બનવાને કારણે ખાસ કરીને રાત્રિના સમયે અકસ્માત સર્જાવાનું જોખમ ઉભું થવા પામ્યું છે. આ વિજ થાંભલાઓને રોડ બનાવતા પહેલા વિજ કંપની સાથે તાલમેલ સાધી શા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી ખસેડવામાં આવ્યા નથી તેમજ થાંભલા ખસેડયા વગર જ કેમ પાકો રોડ બનાવી દેવાયો અથવા માર્ગમાં થાંભલા આવતા હોવા છતાં રોડ બનાવવાનું કેવી રીતે નક્કી કરાયું તેવા સવાલો આ વિસ્તારના રહીશોને સતાવી રહ્યા છે તથા સત્વરે આ રોડ પરથી વિજ થાંભલા ખસેડવાની કામગીરી હાથ ધરાય તેવી માંગણી ઉઠવા પામી છે.

# વોર્ડ નં.૮માં તુટી ગયેલી કે રોડ નીચે દબાઈ ગયેલી ગટર ચેમ્બરો રોડ લેવલે કરવા માંગ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના વોર્ડ નં. ૮માંસમાવિષ્ટ સેકટર-૧, ૨, ૩ ન્યુ, ૪ અને ઈન્ફોસીટી ટાઉનશીપ વિસ્તારમાં તુટી ગયેલ તથા રોડ નીચે દબાઈ ગયેલ ડ્રેનેજ ચેમ્બરો રોડ લેવલે કરી કાર્યરત કરવા ફરી એકવાર સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન વોરા દ્વારા અવાજ ઉઠાવવામાં આવ્યો છે. આ સમસ્યાને ચોમાસું બેસે તે પહેલા સત્વરે ઉકેલવા કોર્પોરેટરે પત્ર લખી પાયોવિના કાર્યપાલક ઈજનેરને અનુરોધ કર્યો છે.

વોર્ડ નં.૮માં વર્ષ ૨૦૧૭માં જયારે રોડનું રીસર્ફેસીંગ કરવામાં આવ્યું હતું ત્યારે પાયોવિને ડ્રેનેજ સંદર્ભે આગોતરી જાણ કરી રોડ સમાંતર ડ્રેનેજ ચેમ્બર કરવા કોર્પોરેટર પ્રવિણાબેન વોરા દ્વારા જાણ કરાઈ હતી. આમ છતાં આ કાર્યવાહી આજ દિન સુધી કરવામાં આવી નથી. આથી ફરી એકવાર 'જાગ્યા ત્યાંથી સવાર'ના ન્યાયે વોર્ડ નં.૮ના સેકટર ૧, ૨, ૩ ન્યુ, ૪ અને ઈન્ફોસીટી ટાઉનશીપ વિસ્તારની તુટી ગયેલી, રોડ નીચે દબાઈ ગયેલી ડ્રેનેજ ચેમ્બરોને ચોમાસું બેસે તે પહેલા સત્વરે રીપેર કરી રોડ લેવલે કરવા પ્રવિણાબેન દ્વારા લેખિત રજુઆત કરવામાં આવી છે. તેમણે ચોમાસા પહેલા જો આ કામગીરી કરાશે તો તે એડવાન્સ ડીઝાસ્ટર મેનેજમેન્ટ જેવી લખાશે તેવું જણાવતા આ કાર્યથી પાણી ભરાવાના પ્રશ્નોથી જનતાને મુકિત મળશે તેવી રજૂઆત કરી છે.



સેકટર-૨૮ સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય આયોજિત વરિષ્ઠ નાગરિકોના સુખાકારીના કાર્યક્રમનું દીપ પ્રાગટય કરી ઉદઘાટન કરાયું હતું. આ પ્રસંગે આદરણીય રાજયોગીની કૈલાશદીદીજી, વરિષ્ઠ નાગરિકોના સુખાકારી અભિયાનના પ્રણેતા ચિરાગ જાની, આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર અને અપરાધ વિરોધ સંગઠનના સ્ટેટ પ્રેસિડન્ટ જયશ્રીબેન બાબરીયા, સિનિયર સીટીઝન કાઉન્સિલના ભ્રાતા અનિલ કકકડ અને બી.કે. જુગનુબેન ઉપસ્થિત રહ્યા હતા.


## આતંકવાદ વિરોધ દિન નિમિત્તે રાજભવનના અધિકારીઓ-કર્મચારીઓને પ્રતિજ્ઞા લેવડાવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૨૧

પ્રતિવર્ષ મે માસની ૨૧મીના રોજ મનાવવામાં આવતા આતંકવાદ વિરોધ દિન નિમિત્તે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ સૌ અધિકારીઓ અને કર્મચારીઓને આતંકવાદ અને હિંસાનો દૃઢતાથી વિરોધ કરવા અને વિઘટનકારી શકિતઓનો સામનો કરવા તથા તમામ વર્ગો વચ્ચે શાંતિ-સામાજિક-સદભાવ અને સૂઝ-બૂઝને કાયમ રાખવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

# સે-૮ બી ગોકુલધામ સોસાયટીના બંધ મકાનમાં ચોરી

## પરિવાર ભુટાન ફરવા ગયો ને ચોર કળા કરી ગયા



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૮ બી ગોકુલધામ સોસાયટીના બંધ મકાનને ગઈરાત્રીએ તસ્કરોએ નિશાન બનાવ્યું છે. તસ્કરોએ મુખ્ય દરવાજાનું ઈન્ટરલોક તોડી અંદર પ્રવેશી કબાટ તેમજ તિજોરી તોડી અંદર રહેલો સામાન વેર વિખેર કરી નાંખ્યો છે. મકાન માલિક ભુટાન ફરવા ગયા છે, પરિવાર પરત આવે ત્યારે ખબર પડે કે કેટલા રૂપીયાની ચોરી થવા પામી છે.

ગાંધીનગર શહેરમાં ચોરીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. બંધ મકાનને રાત્રીના સમયે તસ્કરો ટાર્ગેટ કરી રહ્યા છે. તસ્કરોને પોલીસનો ભય ના રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. રાત્રીના પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ તસ્કરો કળા કરી જાય છે. ત્યારે વીઆઈપી સેકટર-૮ માં પણ ચોર ટોળકીએ બંધ મકાનને નિશાન બનાવ્યું છે. સેકટર-૮ બી પ્લોટ નં. ૫૧૩-૧ ગોકુલધામ સોસાયટી, ચ-૨ કોર્નર નજીક રહેતા જીગ્નેશભાઈ ડાહ્યાભાઈ પટેલ પરિવાર સાથે ભુટાન ફરવા ગયા છે. ત્યારે ગતરાત્રીના સુમારે તસ્કરોએ ઘરના મુખ્ય દરવાજાનું ઈન્ટરલોક તોડી અંદર પ્રવેશ્યા હતા. ઘરમાં પ્રવેશી તસ્કરોએ કબાટ અને તિજોરી તોડી અંદર રાખેલો સામાન વેર વિખેર કરી નાંખ્યો હતો. સવારે ૬ કલાકે કામવાળા બહેન આવ્યા ત્યારે ઘરનો દરવાજો ખુલ્લો જોતા ચોરીની જાણ થઈ હતી. જયારે બાજુમાં પ્લોટ નં.૪૯૮-૧ મા રહેતા તેમના ભાઈ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી જઈ તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ ગોકુલધામ સોસાયટીને ત્રણ ચાર વાર તસ્કરો નિશાન બનાવી ચુક્યા છે. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ ફરીયાદ નોંધાઈ નથી.

# સે-૨માં ઘર પાસે પાર્ક કરેલી સ્વીફ્ટ ડીઝાયર ગાડી ચોરાઈ

ગાંધીનગર,તા. ૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૨ બી ખાતે ઘર પાસે પાર્ક કરેલી ગાડીની કોઈ ચોર શખ્સો ઉઠાંતરી કરી ગયા છે. વાહનચોરીના કિસ્સા શહેરમાં વધી રહ્યા છે શહેરમાં આંતરે દિવસે વાહન ચોરીના કેસ સામે આવે છે.ત્યારે ચોરી થયેલી ગાડીની શોધખોળ બાદ પણ ન મળી આવતા સેકટર-૭ પોલીસે મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ બી પ્લોટ નં.૧૩૯૩-૨ ખાતે રહેતા મહેશ્વરી વિપુલકુમાર પારેખ ઉં.વ.-૪૪ પરિવાર સાથે રહે છે અને ઈન્ટીયર ડીઝાઈનીંગનો વ્યવસ્યાય છેલ્લા ૬ માસથી કરે છે. મારા બિઝનેસ પાર્ટનર કરણ ગુલ રાજાણી અને સંજય શાહ છે. ફરીયાદીના બિઝનેસ પાર્ટનર કરણ ગુલ રાજાણીના મોબાઈલ પર જી.જે.૧૨.સી.ડી.-૯૪૭૬ વેચાણઅર્થે આવી હતી. આ ગાડી ત્રણેય જણાએ બિઝનેસમાં જનરલ ઉપયોગમાં લેવા માટે નક્કી કરી હતી. ત્રણેય જણાએ ભેગા મળી કારની ખરીદી કરી હતી. ફરીયાદીના પતિ અને બે પાટનરે રૂપીયા આપી આવકાર હોટલ પાસે કારની ડિલીવરી લીધી હતી. ગાડીના રૂપીયા મળતા જ માલિકે ગાડીની ચાવી, આરસીબુક આપી હતી. આ ગાડી સંજય શાહે ફરીયાદીના ઘર પાસે પાર્ક કરીને ચાવી આપી હતી. ફરીયાદી અને તેમના પતિએ સાંજે ગાડીનો આંટો માર્યો હતો અને પાર્ક કરી હતી. ત્યારબાદ ઘર આગળ પાર્ક કરેલી ગાડી ગત તા. ૧-૫-૧૯ ના રોજ સવારે ઉઠીને જોયું તો ગાયબ હતી. ગાડીમાં ફરિયાદીના પતિનું પાકીટ જેમાં નવ હજાર રૂપીયા, એટીએમ કાર્ડ, એસબીઆઈ બેંકનું અને ઓફિસનું આઈ.ડી.કાર્ડ, અને ડ્રાઈવીંગ લાયસન્સ સહિત કારની આરસીબુક અંદર રહી ગઈ હતી. ગાડીની આજદિન સુધી ખાનગી રીતે તપાસ કરતા ગાડી મળી આવી નથી. જેથી સેકટર-૭ પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે ગાડીની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# પુનિતવનમાં ટીંટોડીએ ઊંચાઈ પર ઈંડા મુકતા સારા વરસાદનો વર્તારો...!!



ગાંધીનગર, તા.૨૧

આકાશમાંથી ઉનાળાનો બળબળતો તાપ વરસી રહ્યો છે અને તે સાથે જ રાજયભરમાં પાણીની ખેંચ પણ વર્તાવા લાગી છે. ગત વર્ષે થયેલા ઓછા વરસાદનો પગલે પાણીની કટોકટી સર્જાવાના એંધાણ હતા એટલે હવે આ વર્ષે ચોમાસું કેવું રહેશે તે અંગે ખેડૂતોથી માંડી તમામ નાગરિકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. એવું કહેવાય છે કે ટીંટોડી તેના ઈંડા કઈ જગ્યાએ મુકે છે તેના આધારે ચોમાસું કેવું રહેશે તેનો વર્તારો જોવા મળે છે. ગાંધીનગરના સેકટર-૧૯માં પુનિતવન ખાતે ટીંટોડીએ ટેકરા પર ઊંચાઈ વાળી જગ્યાએ ઈંડા મુકયા છે તે જોતા આ વર્ષે ચોમાસું સારું રહેવાના સંકેત પ્રાપ્ત થયા છે.

કુદરતનું 'અમી' કહી શકાય તો તે માત્ર અને માત્ર વરસાદ જ છે. વરસાદ વિના સમગ્ર સૃષ્ટિ વેરાન બની જાય અને જીવન થંભી જાય. આજના વિકાસના યુગમાં પણ દેશનું સમગ્ર અર્થતંત્ર વરસાદ પર આધારિત છે. આમ તો વૈજ્ઞાનિકો, હવામાન ખાતું તથા હવામાન શાસ્ત્રીઓ દ્વારા વરસાદ અંગે અભ્યાસ આધારિત આગાહી કરવામાં આવે છે અને તે મુજબ આ વર્ષે ગુજરાતમાં ચોમાસું એકંદરે સારું રહેશે તેવા અનુમાન પ્રાપ્ત થયેલા જ છે પરંતુ સામાન્ય માનવી હજુ પણ વિવિધ કુદરતી સંકેતોને ધ્યાને લઈ વરસાદનો વર્તારો મેળવવા મથતો હોય છે. જેમાં એક ટીંટોડીના ઈંડાનો સમાવેશ થાય છે.

એવી માન્યતા છે કે જયાં સુધી વરસાદી પાણીનો ભરાવો થઈ શકતો હોય તેનાથી સ્હેજ ઉપર ટીંટોડી તેના ઈંડા મુકે છે તેથી ટીંટોડી જેટલી વધુ ઊંચાઈએ ઈંડા મુકે તેટલો વધુ વરસાદ વરસવાની શકયતા જોવાય છે. આ વર્ષે ગાંધીનગરના સેકટર-૧૯ના પુનિતવન ખાતે ટીંટોડીએ ઉંચા ટેકરા પર ઈંડા મુકયા છે તે જોતા વરસાદ સારો રહેશે તેવો વર્તારો પ્રાપ્ત થયો છે જેના પગલે પ્રકૃતિ પ્રેમીઓમાં આનંદની લ્હેર પ્રસરવા પામી છે.

## શુક્રવારે નિફટ ખાતે 'રિસેન્ટ ટ્રેન્ડસ ઈન રિટેલ' વિષયે સેમિનાર

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના ઈન્ફોસિટી નજીક સ્થિત નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફેશન ટેકનોલોજી નિફટ ખાતે આગામી તા. ૨૪મી મે શુક્રવારના રોજ સવારે ૧૦ કલાકે 'રિસેન્ટ ટ્રેન્ડસ ઈન રિટેલ' વિષયે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે માસ્ટર ઓફ ફેશન મેનેજમેન્ટની ૨૦૧૭-૧૯ બેચ દ્વારા 'એસ્પિરેશન્સ' શિર્ષક અંતર્ગત ગ્રેજયુએશન શોનું આયોજન કરાયું છે. આ શોમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ કૃતિઓ પ્રસ્તુત કરાશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન નિફટના ડિપાર્ટમેન્ટ ઓફ ફેશન મેનેજમેન્ટ સ્ટડીઝ દ્વારા કરવામાં આવ્યું છે.

## ખેલો ગુજરાત સમર સ્કેટીંગ કેમ્પનું સમાપન





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. લલિતકલા એકેડેમી એન્ડ મમતા સ્પોર્ટસ સેન્ટર ખાતે તાજેતરમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા 'ખેલો ગુજરાત સમર સ્કેટીંગ કેમ્પ ૨૦૧૯'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૬૦ સ્કેટર્સે ભાગ લીધો હતો. જેમને એસએજી દ્વારા રોકડ પુરસ્કાર, સર્ટીફીકેટસ, ટી શર્ટ, કેપ વગેરે આપીને પ્રોત્સાહિત કરાયા હતા. કેમ્પના સમાપન પ્રસંગે વાલીઓએ ઉપસ્થિત રહી સ્કેટર્સને બિરદાવ્યા હતા. કેમ્પમાં કોચ વસીમ મન્સુરી તથા આર.એન. લલિતકલા એકેડેમીના પ્રિન્સિપાલ દિનાબેન ડોડીયા તેમજ સમર કેમ્પમાં હાજર તમામ કોચીઝ તથા ખેલો ગુજરાતની ટીમે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

## વીપીએમપી પોલીટેકનીક ડિપ્લોમા ઈજનેરી પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૧

સેકટર-૧૫ સ્થિત વીપીએમપી પોલીટેકનીક ખાતે ધો-૧૦ પછી ચાલતા એઆઈસીટીઈ માન્ય અને જીટીયુ સંલગ્ન વિવિધ ઈજનેરી કોર્સીસ અંગેની ઓનલાઈન પ્રવેશ પ્રક્રીયાનું કાઉન્સેલીંગ અને કોર્સીંગ અંગેનું માર્ગદર્શન મેળવવા માટે હેલ્પ સેન્ટર શરુ કરવામાં આવ્યું છે. સવારે ૧૦ થી ૫ કલાક દરમિયાન શહેરના વિદ્યાર્થીઓ અને વાલીઓ હેલ્પ સેન્ટરની મુલાકાત લઈ શકે છે તેમ સંસ્થાના પ્રિન્સિપાલ દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મણજી ગોવાજી ઠાકોર, ઉ.વ. ૪૯
- સ્વ. રાણા ભાવનાબેન લાલસિંહ, ઉ.વ. ૫૪